**RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY**



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાની નામદાર હાઈકોર્ટમાં જીત...

## નિકાસકારો દ્વારા શિપીંગ બીલમાં કરાયેલ નાની એવી ભુલના કારણે રોકાયેલ IGST રીફંડની રકમ ૯% વ્યાજ સાથે ચુકવવામાં આવશે...

નિકાસકારો દ્વારા વિદેશ મોલકવામાં આવતા માલના શીપીંગ બીલમાં મળવાપાત્ર ડયુટી ડ્રો-બેક હાયર અને લોઅર રેટના મળવાપાત્ર કલેઈમની પ્રક્રિયામાં ભુલથી 'A' અગર 'C' લખાઈ ગયેલ હોય અને ડયુટી ડ્રો-બેક રેટ વધારે મળેલ ન હોવા છતા નિકાસકારોને કેન્દ્ર સરકારના CBITC ના સરકયુલર નં.૩૭/૨૦૧૮ તા.૯-૧૦-૨૦૧૮ મુજબ IGST રીફંડ આપવાનું બંધ કરવામાં આવેલ હતું. જેના કારણે નિકાસકારોને ઘણી મુશ્કેલી ભોગવવી પડી રહી હતી. તે બાબત ધ્યાનમાં લઈ CBITC ના આ સરકયુલર અંગે તુરત પુન:વિચારણા કરી વિદેશ વેપારને અવરોધક જોગવાઈ રદ કરી કોઈ પ્રોત્સાહનરૂપ જોગવાઈ કરવા રાજકોટ ચેમ્બર દ્વારા સબંધિત મંત્રાલયો-ડિપાર્ટમેન્ટોને વર્ષ ૨૦૧૮ થી રજુઆતો કરાયેલ હતી. પરંતુ આવી રજુઆતોનો કોઈ હકારાત્મક પ્રતિસાદ ન મળતા રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ પોતાની મેન્યુફેકચરીંગ કંપની મે. જયસન્સ એક્ષપોર્ટ દ્વારા વ્યકિતગત ધોરણે નામદાર હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવીલ એપ્લીકેશન : ૧૩૧૫૭/૨૦૨૨ દાખલ કરવામાં આવેલ હતી. તેમની સતત મહેનત થકી નામદાર હાઈકોર્ટમાં આ વિષયક વિવિધ ચુકાદાઓ-અધિનિયમો-નોટીફિકેશનો વિગેરે પ્રસ્તુત કરી રીફંડ કેસને પુરે પુરો મજબુત બનાવવા સઘન પ્રયાસ કરાયેલ.

જે પ્રયાસનો સફળ ફલશ્રુતી અંતર્ગત કેન્દ્રીય મંત્રાલય દ્વારા કરવામાં આવેલ તમામ વિરોધો તથા રજુઆતોને ગેરમાન્ય રાખી રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ અને મે.જયસન્સ એક્ષપોર્ટના પાર્ટનરશ્રી પાર્થભાઈ ગણાત્રાની તરફેણમાં IGST ACT-2017, CGST ACT-2017 અને CGST RULES-2017 મુજબ મળવાપાત્ર થતી રીફંડની રકમ શિપીંગબીલ તારીખથી ચુકવણા તારીખ સુધી મુદલ સહિત ૯%ના વાર્ષિક દરે વ્યાજ સાથે ચુકવવા હુકમ ફરમાવવામાં આવેલ છે.

આમ જે કોઈ નિકાસકાર સભ્યોના શીપીંગબીલમાં ભુલના કારણે રીફંડ રોકાયેલ હોય તો તે બાબતે વિશેષ માહિતી અથવા માર્ગદર્શનની જરૂર જણાય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.